# બંગાળમાં હીટવેવથી એક સપ્તાહમાં ૧૦૦થી વધુના મોત

કોલકાતા,તા. ૬

પશ્ચિમ બંગાળમાં હીટવેવના કારણે એક સપ્તાહમાં ૧૦૦થી વધારે લોકોના મોત થઈ જતા સનસનાટી મચી ગઈ છે. બંગાળમાં જ્યાં સૌથી વધારે લોકોના મોત થયા છે તેમાં અસનસોલ દુર્ગાપુર પટ્ટાનો સમાવેશ થાય છે.બર્ધવાનના દુર્ગાપુર અને અસનસોલ પટ્ટામાં ૪૩ લોકોના મોત થયા છે. આ બન્ને જગ્યાએ તાપમાન ૪૭ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું છે. પશ્ચિમી મિદનાપુરમાં પણ તાપમાન ૪૪ ડિગ્રી થયું છે. પશ્ચિમી મિદનાપુરમાં ૧૮ના મોત થયા છે. જ્યારે પુરુલિયામાં ૧૮ના મોત થયા છે. અહીં તાપમાન ૪૬ ડિગ્રીની આસપાસ પહોંચી ગયુ છે. કોલક્તામાં સાતના મોત થયા છે. બેહાલામાં પાંચના મોત થયા છે. બંકુરામાં ચારના મોત થયા છે.

પશ્ચિમ બંગાળમાં તીવ્ર ગરમી અને સંબંધિત રોગના કારણે એક જ સપ્તાહમાં ૧૦૦ લોકોના મોત થઈ ગયા હતા. એકલા કોલકાતામાં છ લોકોના મોત થઈ ગયા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે સ્થિતિ હજુ વણસી શકે છે. કારણ કે મોનસૂનની એન્ટ્રી જૂનના મધ્ય સુધી થશે. રાજ્યમાં ગરમી સંબંધિત મોતની આ સંખ્યા એક દશકમાં સૌથી વધારે



છે. હવામાનની વણસતી જતી સ્થિતિને લઈને લોકોને સાવધાન રહેવાની તંત્ર દ્વારા સલાહ આપવામાં આવી રહી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારના દિવસે હિટ વેવની સ્થિતિ વચ્ચે કેબીનેટની મિટીંગ બોલાવી હતી જેમાં વહીવટી તંત્રના અધિકારીઓને જરૂરી સૂચનાઓ અપાઈ હતી. મુખ્યમંત્રીએ મિટીંગમાં તમામ પ્રધાનોને લોકો સુધી પહોંચવા જુદા જુદા જિલ્લાઓમાં જવા અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળમાં અનસોલમાં સૌથી વધારે ૪૬.૫ ડિગ્રી તાપમાન થયું છે. અસરગ્રસ્ત લોકોને વહેલી તકે હોસ્પિટલમાં પણ દાખલ કરાયા છે પરંતુ કેટલાક અસરગ્રસ્તોના મોત હોસ્પિટલ પહોંચતા પહેલાં જ થયા છે. કોલકાતામાં છ લોકોના મોત થયા છે જ્યારે બેહાલામાં પાંચ લોકોના મોત થયા છે. હાવડા સ્ટેશન ખાતે ત્રણ લોકોના મોત થયા હતા. પશ્ચિમ બંગાળમાં સતત ત્રીજા દિવસે લોકોની હાલત કફોડી બનેલી છે. પશ્ચિમ બંગાળની સાથે સાથે ઉત્તર ભારતમાં પણ કાળઝાળ ગરમી પડી રહી છે. રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ તેમજ હરિયાણા, પંજાબ, દિલ્હીમાં લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરી રહ્યા છે. તાપમાન સતત ઉંચે જઈ રહ્યું છે.

## આંધ્રપ્રદેશ પેટા ચૂંટણી પૂર્વે ૩૨ કરોડની રોકડ રકમ જપ્ત

હૈદરાબાદ,તા. ૬

આંધ્રપ્રદેશમાં ૧૨મી જુનના દિવસે યોજાનારી પેટાચૂંટણી પહેલા નાણાંનો હાલ વરસાદ થઇ રહ્યો છે. સત્તાવાળાઓએ આકરા પગલા લઈને ૩૨ કરોડની રોકડ રકમ કબજે કરી છે. ચૂંટણી દરમિયાન રાજ્યમાં હમેંશા રોકડ રકમ, કિંમતી ચીજવસ્તુઓ અને અને શરાબની બોલબાલા રહે છે. કાર્યવાહી દરમિયાન રૂપિયા નવ કરોડની કિંમતના સોના અને ચાંદીના દાગીના પણ કબજે કરવામાં આવ્યા છે. આની સાથે જ કુલ ૪૧ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે અધિકારીઓએ હજુ સુધી મતદારોમાં વહેંચવાના હેતુથી લાવવામાં આવેલો ૧.૭૪ લાખ લીટર શરાબનો જથ્થો પણ જપ્ત કર્યો છે. પેટાચૂંટણીને ધ્યાનમાં લઈને પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. રાજ્યમાં માત્ર એક લોકસભા અને ૧૮ વિધાનસભાની બેઠકોની પેટાચૂંટણી યોજાનાર છે. છતાં



રાજકીય પક્ષો મતદારોને પ્રભાવિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. તમામ ત્રણ મોટા રાજકીય પક્ષો માટે ચૂંટણી મહત્વપૂર્ણ છે. જેમાં શાસક કોંગ્રેસ, મુખ્ય વિરોધ પક્ષ તેલુગુ દેશમ અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે. હજુ સુધી કબજે કરવામાં આવેલી રકમ વર્ષ ૨૦૦૯ની ચૂંટણી પહેલા કબજે કરવામાં આવેલી રોકડ રકમ અને કિંમતી વસ્તુઓનો સમાવેશ થાય છે. રાજ્યમાં લોકસભાની ૪૨ અને વિધાનસભાની ૨૯૪ બેઠકો માટે વર્ષ ૨૦૦૯માં ચૂંટણી યોજાઇ હતી. રાજ્ય ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ છેલ્લી ચૂંટણી વેળા ૩૮ કરોડની રોકડ અને કિંમતી ચીજવસ્તુઓ કબજે કરવામાં આવી હતી. પેટાચૂંટણી આડે હજુ એક સપ્તાહનો સમય બાકી છે ત્યારે કબજે કરવામાં આવેલી રકમ વધે તેવી શક્યતા છે. પોલીસે આજે એક વાહનમાંથી ૧.૩૦ કરોડ રૂપિયા કબજે કર્યા હતા. બેંકો અને એટીએમમાંથી ઉપાડવામાં આવી રહેલી રકમ પર પણ નજર રાખવામાં આવી રહી છે.

## ટુજી હરાજીમાં વધુ એરવેવ સ્લોટને લીલીઝંડી અપાશે

નવી દિલ્હી,તા. ૬

ટુજી હરાજીમાં વધુ એરવેવ સ્લોટને મંજૂરી આપવાનો નિર્ણય પ્રધાન સ્તરની પેનલે કર્યો છે. મળેલી માહિતી મુજબ પ્રધાન સ્તરની પેનલે બીજી પેઢીના (ટુજી) રેડિયો એરવેવ્સના આગામી વેચાણમા વધુ સંખ્યામા સ્લોટની હરાજી કરવા તૈયારી કરી લીધી છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જે દરખાસ્ત તૈયાર કરવામા આવી છે તેના કરતા વધુ એરવેવ્સ સ્લોટની મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે. સરકારી અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યુ છે કે હરાજી માટે કોઈ બેજ કિંમત નક્કી કરવામા આવી નથી. પેનલે નિર્ણય કર્યો છે કે દરેક ટેલિકોમ ઝોનમા ૧૦ મેગા હટ્ર્ઝ એરવેવ્સની હરાજી થવી જોઈએ. ટેલિકોમ રેગ્યુલેટરે પાચં મેગા હટ્ર્ઝની હરાજીનુ સૂચન કર્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત હરાજી મારફતે પ્રથમ વખત ટુજી એરવેવ્સનુ વેચાણ કરશે. ઓગસ્ટના અંત સુધી હરાજીની પ્રક્રિયા હાથ ધરવામા આવશે. વર્ષ ૨૦૦૮માં મંજૂર કરવામા આવેલા તમામ પરવાના સુપ્રીમ કોર્ટે રદ કરી દીધા બાદ નવેસરથી હરાજી કરવામા આવશે. હરાજીની બેઝ કિંમત દસ ગણી વધુ સુચવવામા આવી છે. વર્ષ ૨૦૦૮માં કંપનીદ્વારા જે રકમ ચુકવવામા આવી હતી તેના કરતા દસ ગણી વધુ રકમ રાખવામા આવી છે જેને લઈને ટેલિકોમ ઈન્ડસ્ટ્રીમા ખળભળાટ મચી ગયો છે. ટેલિનોર અને સિસ્ટેમા અને સાથે સાથે સ્થાનિક કંપની આઈડિયા સેલ્યુલર જેવી કંપનીઓ માટે તેમની પરવાનગી મેળવી લેવા માટે છેલ્લી તક છે. સુપ્રીમ કોર્ટના આદેશથી કુલ ૧૨૨ ઝોનલ પરમીટને અસર થઈ હતી. વધુ સંખ્યામા સ્લોટને મંજૂરી આપવામા આવશે. ભારતી એરટેલ અને વોડાફોન જેવી પ્રતિષ્ઠિત કંપનીઓને સુપ્રીમકોર્ટના આદેશથી કોઈ અસર થઈ ન હતી. પંરતુ આ કંપની વધુ રેડિયો સ્પેક્ટ્રમ ખરીદવા ઈચ્છુક છે.

## એર ઇન્ડિયાએ આશરે ૧૦૦ નવા પાયલોટ રોક્યા : અજીત સિંહ

નવી દિલ્હી,તા.૬

નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીત સિંહે આજે સ્પષ્ટતા કરી હતી કે એરઈન્ડિયા તેનુ નેટવર્ક ફેલાવી રહ્યુ છે. નવા પાયલોટોને રોકવામા આવી રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતુ કે એર ઈન્ડિયાએ આશરે ૧૦૦ પાયલોટો રોકી લીધા છે. આ ૧૦૦ પાયલોટો પૈકી મોટાભાગના પાયલટો સહ પાયલટ છે. જે છેલ્લા એક મહિનાથી હડતાળ પર ઉતરેલા એરઈન્ડિયાના ૪૦૦ પાયલોટોની જગ્યા લેશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે હડતાળ અમારા માટે પૂરી થઈ ચુકી છે. કારણ કે હડાતળી પાયલોટોએ ધર્મઅધિકારીની કમિટિના અહેવાલને સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે. આ કમિટીની અહેવાલમાં એરઈન્ડિયાના સ્વરૂપને બદલી નાખવાની વાત કરવામા આવી છે. અજીત સિંહે કહ્યુ હતુ કે નવા પાયલોટોની ભરતી કરીને તેના નેટવર્કને વધુ વિસ્તૃત બનાવી રહ્યુ છે. ૯૦ ટ્રેની પાયલોટોની ટ્રેનિંગ પુરી થઈ ચુકી છે. જો હકાલપટ્ટી કરવામા આવેલા ૧૦૧ પાયલોટો પરત ફરવા માંગે છે તો તેમને નવેસરથી અપીલ કરવી પડશે. જ્યારે પણ એરલાઈન



જાહેરાત આપશે ત્યારે તેમને નવેસરથી અપીલ કરવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમા માન્યતા જેની રદ કરવામા આવી છે તે ઈન્ડિયન પાયલોટ ગિલ્ડના આશરે ૪૦૦ સભ્યો સાતમી મે બાદથી હડતાળ ઉપર છે. બોઈંગ ૭૮૭ ડ્રીન લાઈનર વિમાનના ઓપરેશનને લઈને ઈન્ડિયન એરલાઈન્સના પાયલોટોના મુદ્દે હડતાળ પાડવામા આવી છે. અજીત સિંહે કહ્યુ હતુ કે અમારુ વલણ બિલકુલ સ્પષ્ટ છે. અને હડતાળ બિલકુલ ગેરકાયદે છે. હાઈકોર્ટે પણ આજ વાત કરી છે. હડાતળ માટે પાયોલોટોએ કોઈ નોટિસ પણ આપી ન હતી. જે પાયલોટોની હકાલપટ્ટી કરવામા આવી ચુકી છે તે પાયલોટો જો પરત ફરવા માંગે છે તો તેમનુ સ્વાગત છે પરંતુ કોઈપણ શરત માનવામા આવશે નહી. ચાલી રહેલી હડતાળ ને કલોઝ્ડ ચેપ્ટર તરીક ગણાવીને એરલાઈન્સે કહ્યુ હતુ કે સર્વિસ વિસ્તૃત કરવામા આવી રહી છે. ત્રણ બોઈંગ ૭૮૭ ડ્રીમ લાઈનર આ મહિનામા એરઈન્ડિયામા સામેલ થશે. સિંહે કહ્યુ હતુ કે એરઈન્ડિયા ક્વાલાલુમપુર, લંડનની તેની ફલાઈટ લોંન્ચ કરશે. આ ઉપરાંત હોંગકોગ, ઓશાકા, અને શિઓલ સુધી પહેલી ઓગસ્ટથી ઓપરેશન ફર શરૂ કરાશે.

# રેટકાપની આશા વચ્ચે સેંસેક્સમાં ૪૩૪ પોઇન્ટનો નોંધપાત્ર ઉછાળો

નવી દિલ્હી,તા.૬

વૈશ્વિક બજારમાં તેજી અને આરબીઆઈ દ્વારા રેટકાપની અપેક્ષા વચ્ચે શેરબજારમા આજે જોરદાર તેજીનુ મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેંસેક્સ ૪૩૪ પોઈન્ટ સુધરી ૧૬૪૫૪ની ઉંચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૩૪ પોઈન્ટ અથવા તો ૨.૭૫ ટકા સુધરીને ૪૯૯૭ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ફરી એકવાર ૫ હજારની બિલકુલ નજીક પહોંચી ગયો છે. આજે જોરદાર તેજીના કારણે રોકાણકારોમાં નવી આશા જોગી છે. સેંસેક્સ અને નિફ્ટી ઈન્ટ્રાડે દરમ્યાન ક્રમશઃ ૧૬૪૯૫ અને ૫૦૧૦ની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. વૈશ્વિક બજારમાં પણ આજે જોરદાર તેજી રહી હતી. ઘણા હકારાત્મક પરિબળોના પરિણામ સ્વરૂપે શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. ડોલર સામે રૂપિયો સ્થિર બનતી તેની પણ સીધી અસર જોવા મળી રહી છે. આ ઉપરાંત ઓટો મોબાઈલમાં લેવાલી જોવા મળી રહી છે. નિફ્ટી અને સેંસેક્સ બંનેમા એકાએક મોટો સુધારો રહ્યો છે. ઓટો મોબાઈલ ઈન્ડેક્ષમાં ૨૬૫ પોઈન્ટનો સુધારો રહ્યો હતો જ્યારે એફએમસીજી ઈન્ડેક્ષમા સુધારો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્ષમાં ૨૩૭.૩૨ પોઈન્ટનો સુધારો થયો હતો. હીરોમોટામાં ૪.૬૫ ટકાનો સુધારો થયો હતો. જ્યારે આઈટીસીમાં ૩.૯ ટકાનો સુધારો રહ્યો હતો. અન્ય સેંસેક્સના જે શેરમાં આજે સુધારો રહ્યો હતો તેમા સ્ટરલાઈટમાં ૩.૫૦ ટકા, જિન્દાલ સ્ટીલમાં ૩.૪૦ ટકા, મારુતિ સુઝુકીમાં ૨.૮૬ ટકા, હિન્ડાલકોમાં ૨.૬૫ ટકા અને હિન્દુસ્તાન યુનિલિવરમાં ૨.૬૫ ટકાનો સુધારો રહ્યો હતો. તાતા સ્ટીલમાં ૨.૬૧ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આજે દિવસ દરમ્યાન શેરબજારમા તેજી રહી હતી. રેટલક્ષી શેરમાં વિશેષ રીતે નવી આશા જાગી હતી. આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. જાપાનના નિક્કીમાં સારેરાશ સુધારો થયો હતો. મૂડીરોકાણકારો યૂરોઝોન કટોકટીનો સામનો કરવા પોલિસી બનાવનાર ઉપર નવી આશા રાખી રહ્યા છે. ઘરઆંગણે આજે તમામ સેક્ટરલ ઈન્ડેક્ષમા સુધારો રહ્યો હતો. બીએસઈ ઓટો અને કેપિટલ ગુડસ ઈન્ડેક્ષમાં ચાર ટકાનો સુધારો થયો હતો. આવી જ રીતે પાવર, બેંક, એફએમસીજી, મેટલ, રિયાલીટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ, પીએસયૂ, ઓઈલ એન્ડ ગેસ અને આઈટી જેવા સેક્ટરોમા આશરે ૨થી ૩.૫ ટકાનો સુધારો રહ્યો હતો. વ્યાજલક્ષી શેરમા લેવાલી જામી હતી. અર્થતંત્રમા નવા પ્રાણ ફુંકવા ૧૮મી જૂનના દિવસે આરબીઆઈ તેની મધ્ય ત્રિમાસિક નાણાકીય નીતિ સમીક્ષામાં વ્યાજદરમા ઘટાડો કરી શકે છે. ઓટોના વર્ગમાં તાતા મોટર્સમાં સૌથી વધુ સુધારો થયો હતો. તાતા મોટર્સમાં આશરે ૬ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આવી રીતે હીરો મોટામા ચાર ટકાનો સુધારો રહ્યો હતો. કંપની રાજસ્થાન અને ગુજરાતમાં બે નવા પ્લાન્ટ સ્થાપિત કરવા ૨૫૭૫ કરોડનો રોકાણ કરનાર છે તેવા અહેવાલ બાદ છેલ્લા બે દિવસથી હીરો મોટના શેરમાં સતત સુધારો થઈ રહ્યો છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામા ત્રણ ટકાનો સુધારો થયો હતો. મારુતિ સુઝુકીમાં આશરે ત્રણ ટકાનો સુધારો થયો છે. એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક,એસબીઆઈમાં બેથી ચાર ટકાનો સુધારો થયો હતો. રિયાલીટીના વર્ગમાં ડીએલએફમા ૨ ટકાનો સુધારો રહ્યો હતો. અન્ય જે શેરમાં ઉલ્લેખનીય સુધારો જોવા મળ્યો હતો. તેમા ટીસીએસ. સિપલા, ભારતી એરટેલ, ઓએનજીસી, આરઆઈએલ, ઈન્ફોસિસ, વિપ્રોનો સમાવેશ થાય છે. આજે બીસએઈમાં કારોબાર દરમ્યાન ૧૮૪૯ શેરમાં તેજી અને ૮૯૪ શેરમાં મંદી રહી હતી. ત્રીજી જાન્યુઆરી બાદથી સેંસેક્સમાં સૌથી મોટો ઉછાળો નોંધાયો છે. ઓટો અને બેકિંગ શેરમાં વ્યાજદરમા કાપની સીધી અસર થઈ શકે છે તેવી આશા જાગી છે.

## બ્રહ્મેશ્વર હત્યા કેસની તપાસ સીબીઆઈને સોંપવા માટેનો નિર્ણય

પટણા,તા.૬

વિરોધપક્ષની માંગણી સમક્ષ ઝુકી બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે રણવીર સેનાના વડા બ્રહ્મેશ્વરસિંહની હત્યાના મામલામાં સીબીઆઈ તપાસની ભલામણ કરી લીધી છે. આ અંગેનો નિર્ણય એક મિટીંગ દરમિયાન લેવામાં આવ્યો હતો. આ મિટીંગમાં ટોચના પોલીસ અધિકારીઓ અને રાજ્યના ગૃહ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે સવારે યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય કરાયો હતો. રાજ્યના પોલીસ મહાનિર્દેશક અભયનંદ અને ગૃહવિભાગના મુખ્ય સચિવ આમિર શુહાની પણ બેઠકમાં હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીએ બેઠક દરમિયાન હત્યા કેસને સીબીઆઈને સોંપવાનો નિર્ણય કર્યો હતો.

સત્તાવાર પ્રવક્તાએ આજે સવારે આ મુજબની માહિતી આપતા કહ્યું હતું કે આરજેડીના વડા લાલુપ્રસાદ યાદવ, એલજેપીના પ્રમુખ રામવિલાસ પાસવાન અને બિહાર કોંગ્રેસ દ્વારા બ્રહ્મેશ્વરની હત્યાના મામલામાં સીબીઆઈ તપાસની માંગણી કરી હતી. વિરોધ પક્ષોને માંગણી સમક્ષ ઝૂકીને નીતિશ કુમારે સીબીઆઈ તપાસની ભલામણ કરી લીધી છે. રણવીર સેનાના વડા બ્રહ્મેશ્વરને શુક્રવારના દિવસો ભોજપુર જિલ્લામાં ખોપિરા ગામમાં તેમના આવાસ નજીક વણઓળખાયેલા શખ્સોએ ઠાર મારી દીધા હતા. પ્રતિબાંધિત રણવીર સેનાના લીડરના મોતથી બિહારમાં તંગદીલિ ફેલાઈ હતી. બ્રહ્મેશ્વરના સમર્થકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. રણવીર સેનાનો અનેક હત્યાકાંડમાં હાથ રહી ચૂક્યો છે. બ્રહ્મેશ્વર પણ કેટલીક હત્યાઓના કાવતરામાં સામેલ હતા.

## મારુતિએ પેટ્રોલ કારનુ ઉત્પાદન ઘટાડી દીધુ

નવી દિલ્હી,તા.૬

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયાએ સૌથી વધુ વેચાતી અલ્ટો સહિત પેટ્રોલ મોડલના ઉત્પાદનમાં ઘટાડો કરી દીધો છે. મારુતિએ પેટ્રોલ કાર ઓછી બનાવવાનો નિર્ણય લીધો છે. ઉંચા ફ્યુઅલ ખર્ચના કારણે લોકો હવે પેટ્રોલ ખરીદવામા ખચકાટ અનભવ કરી રહ્યા છે. મારુતિ સુઝુકી ઈન્ડિયાન






મેનેજીંગ એક્ઝિક્યુટીવ ઓફિસર (માર્કેટીંગ એન્ડ સેલ્સ)એ કહ્યુ હતુ કે પેટ્રોલ કારનુ વેચાણ હાલના દિવસોમાં ખૂબ નીચુ જતુ રહ્યુ છે કારણ કે બજારમા માંગ ઘટી ગઈ છે. પેટ્રોલના ભાવ આશમાને પહોંચ્યા છે. આવા સમયમા લોકો ડીઝલ તરફ વળી રહ્યા છે. કંપનીએ તાજેતરમા અલ્ટો, મારુતી ૮૦૦, એસ્ટાર, એસ્ટિલો, ઓમની સહિત પેટ્રોલ મોડલનુ ઉત્પાદન બંધ કરી દીધુ છે. મારુતિના મેનેજીગ એક્સિઝ્યુટીવ ઓફિસર મયંક પારીખે કહ્યુ હતુ કે સામાન્ય રીતે અમે પેટ્રોલ મોડલ પર વધારે કામ કરીએ છે. જો કે હવે સ્થિતિ બદાલાઈ છે. છેલ્લા ચાર સપ્તાહમાં પેટ્રોલ મોડલની બોલબાલા ઘટી ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ મારુતિ સુઝુકી ઈન્ડિયાએ ૨૫,૨૬ મેના દિવસે પેટ્રોલ મોડલનુ ઉત્પાદ બંધ કર્યુ હતુ. ગુડગાવ ખાતેના પ્લાન્ટ મા આ સ્થિતિ સર્જાઈ છે. માનેસર પ્લાન્ટમાં કામ સામાન્ય રીતે ચાલી રહ્યુ છે. આ ત્રણ દિવસમા કંપનીએ ૮૦૦૦થી ૮૫૦૦ જેટલી પેટ્રોલ કારનુ ઉત્પાદન ઘટાડી દીધુ છે. મે મહિનામાં કંપનીના કારનુ વેચાણ પ્રથમ વખત ઘટ્યુ છે. સતત ચાર મહિના સુધી કારનુ વેચાણ વધ્યા બાદ પ્રથમ વખત મે મહિનામાં કારનુ વેચાણ ઘટી ગયુ છે. ગયા મહિને કુલ વેચાણાં ૪.૯૯ ટકાનો ઘટાડો થયો હતો. પેટ્રોલથી ચાલતી નાની કારના વેચાણમા ઘટાડો થવાના કારણે છેલ્લા મહિનામા ૯૮૮૮૪ કારનુ વેચાણ થયુ હતુ. કંપની મિની કારમાં વર્ચસ્વ ધરાવે છે જેમા મારુતિ ૮૦૦, એસ્ટાર, અલ્ટો, વેગનઆરનો સમાવેશ થાય છે. આ તમામમાં ૨૯.૦૩ ટકાનો ઘટાડો થયો છે. મે ૨૦૧૧માં ૪૨૧૨૫ કારના વેચાણ સામે આ મહિના દરમ્યાન ૨૯૮૯૫ કારનુ વેચાણ થયુ છે. ગયા મહિનામા ભારતમા પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ ૭.૫૪ રૂપિયાનો વધારો કરવામા આવ્યો હતો જો કે આ વધારાને લઈને હોબાળો થયા બાદ તેની કિંમતમા લિટરદીઠ ૨.૦૨નો ઘટાડો કરવામા આવ્યો હતો. ગયા વર્ષે પેટ્રોલ સેગમેન્ટમાં ૧૬.૨ ટકાનો ઘટાડો થયો હતો કારણ કે માંગ ડીઝલના વહાનો તરફ વધી રહી હતી. ૨૦૧૨-૨૦૧૩માં પેટ્રોલ કારનુ વેચાણ ૫૦૦૦૦ યુનિટ સુધી ઘટી ગયુ છે.

## સિંગાપુરમાં આઈફામાં છવાઈ જવા યુવા કલાકારો પૂર્ણ તૈયાર

મુંબઈ,તા.૬

જેની ઉત્સુકતા પૂર્વક રાહ જોવામા આવી રહી છે તે ૧૩મા ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી (આઈફા) એવોર્ડને લઈને તમામ તૈયારીઓ પૂરી કરી દેવામા આવી છે. આવતીકાલથી આઈફા એવોર્ડની શરૂઆત થઈ રહી છે. આ વખતે રણબીર કપૂર, ફરહાન અખ્તર, શાહીદ કપૂર, પ્રિયંકા ચોપડા, સલમાનખાન આઈફામા છવાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સલમાન ખાન, ઋતિક રોશન, બિપાશા બાસુ જેવા સ્ટાર કલાકારો ઉપર તમામની નજર રહેશે. બીજી બાજુ સોનાક્ષી સિન્હા અભય દેઓલ જેવા નવા કલાકારો આઈફામા છવાઈ જવા માટે તૈયારી કરી ચુક્યા છે. સદા બહાર અભિનેત્રી રેખા, વિતેલા વર્ષોની આદર્શ જોડી ઋષિ કપૂર અને નીતુ કપૂર, ફિલ્મ નિર્માતા રમેશ સિપ્પી, અનેક ફિલ્મ નિર્માતા, પટકથાકારો, કલાકારો અને સિંગરો ત્રણ દિવસ સુધી ચાલનાર આ ઈવેન્ટમા ભાગ લેશ.





આઈફામા આ વખતે કેટલીક નવી વિશેષતા ઉમેરવામા આવી છે. શાહિદ કપૂર અને ફરહાન અખ્તર આઈફામા હોસ્ટ તરીકે રજૂ થનાર છે. પ્રિફાઈનલ સિલિબ્રેશનને લઈને વધુ ઉત્સુકતા દેખાઈ રહી છે. જાવેદ અખ્તર, પ્રસન્ન જોશી. સાન્તુમોઈત્રા, જોયા અખ્તર, રાકેશઓમ પ્રકાશ મહેરા પણ ભાગ લઈ રહ્યા છે. આઈફાની અન્ય વિશેષતા એ છે કે દિબાકર બેનર્જીની ફિલ્મ શંઘાઈ ફિલ્મન વર્લ્ડ પ્રિમીયર યોજાશે. આ ઉપરાંત નેહા ધુપિયા સોનુસુદ અભિનીત મેક્સિમમ અને કમલ હસનની વિશ્વપુરમ પણ દર્શાવવામા આવશે. ફેશન જગત સાથે સંકળાયેલી ટોચની હસ્તી પણ આમા ભાગ લેનાર છે. એવોર્ડ નાઈટ શનિવારે યોજાશે જેમા શાહિદ કપૂર, પ્રિયંકા ચોપાડા, સોનાક્ષી સિન્હા, રણબીર કપૂર દિલધડક પરફોર્મ કરનાર છે. ભારતના માઈકલ જેક્સન ગણાતા પ્રભુદેવા દ્વારા કોરિયોગ્રાફી કરવામા આવનાર છે. આઈફામા અન્ય જે ભાગ લેનાર છે તેમા વિદ્યા બાલન, પ્રિતી ઝિંટા, મલાઈકા અરોરા, રાની મુખર્જી, પરિણીતી ચોપડા, દિયા મિર્ઝા, ઈમરાન હાસમી અને અનિલ કપૂરનો સમાવેશ થાય છે.

## સંપત્તિ કેસમાં જગનમોહનની સતત ચોથા દિવસે પૂછપરછ

હૈદરાબાદ,તા. ૬

ગેરકાયદે સંપત્તિ કેસના સંબંધમાં આજે સતત ચોથા દિવસે વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના નેતા વાયએસ જગનમોહન રેડ્ડીની સીબીઆઈ દ્વારા આકરી પૂછપરછ કરવામાં આવી હતી. જગનમોહનની પાંચ દિવસની કસ્ટડીની અવધિ આવતીકાલે ગુરૂવારે પુરી થઈ રહી છે. સીબીઆઈએ તેમના ગેરકાયદે સંપત્તિકેસના સંબંધમાં ઉંડી તપાસનો દોર જારી રાખ્યો છે. રોજની પ્રક્રિયાની જેમ જ આજે સીબીઆઈના અધિકારીઓની ટીમ ચંચલપુરાની જેલમાંથી કોટી ખાતે તપાસ સંસ્થાની ઓફિસમાં તેમને લઈ ગયા હતા. સીબીઆઈ હજુ સુધી જગનમોહનને મુડીરોકાણ અંગે પ્રશ્ન કરી ચુકી છે. જો કે સીબીઆઈએ જગનમોહનને કરવામા આવેલા પ્રશ્નોના મામલો મોન જાળવી રાખ્યુ છે. પરંતુ અનેક તર્ક વિતર્કનો દોર ચાલી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૭મી મેના દિવસે સીબીઆઈ દ્વારા જગનમોહનની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ કડાપ્પાના સાંસદ જગનમોહન સામે સંકજો વધુ મજબુત બનાવી રહી છે. સીબીઆઈ દ્વારા સતત ચોથા દિવસે જગનમોહન રેડ્ડીની પૂછપરછ કરવામાં આવી હતી. સીબીઆઈ જગનમોહન રેડ્ડીના પાંચ દિવસના કસ્ટડી મેળવી લીધા બાદ પ્રથમ દિવસથી જ પૂછપરછ કરવાની શરૂઆત કરી ચૂકી છે. ગઈકાલે બીજા દિવસે પણ ચંચલગુડાની સેન્ટ્રલ જેલ નજીક આવેલી ડિરેક્ટર જનરલ ઓફ પ્રીજનની ઓફિસમાં ઓફિસર્સનેસમાં પૂછપરછ કરવામાં આવી હતી. ચંચલગુડાની સેન્ટ્રલ જેલમાં ૨૮મી મે બાદથી જગનમોહન હવા ખાઈ રહ્યા છે. કડાપ્પાના સાંસદ જગનમોહનની પૂછપરછને લઈને ડિરેક્ટર જનરલ ઓફ પોલીસની ઓફિસની આસપાસ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી ચુકી છે.

## ફેડરર અને જોકોવીક વચ્ચે સેમીફાઈનલ જંગ ખેલાશે

પેરિસ,તા. ૬

ફ્રાન્સમાં રમાઈ રહેલી વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી નોવાક જોકોવિક અને રોજર ફેડરર આજે હારતા હારતા બચી ગયા હતા. નોવાક જોકોવીકે ફ્રાન્સના શક્તિશાળી ખેલાડી સોન્ગા ઉપર ૬-૧, ૫-૭, ૫-૭, ૭-૬, ૬-૧થી જીત મેળવી હતી. જોકોવીકે પ્રથમ સેટ સરળતાથી જીતી લીધા બાદ સોન્ગાએ જોરદાર વાપસી કરીને બીજો અને ત્રીજો સેટ જીતી લીધો હતો અને જોકોવીકના ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ચોથો સેટ પણ ટાઈ બ્રેકરમાં પહોંચ્યો હતો પરંતુ ચોથા સેટમાં જોકોવીકે અનુભવનો લાભ લઈને જીત મેળવી હતી. પાંચમો સેટ જોકોવીકે સરળતાથી ૬-૧થી જીતી લીધો હતો. આની સાથે જ પુરુષોની ક્વાટર ફાઈનલમાં જોકોવીકે જીત મેળવી લીધી હતી. આ જીત મેળવવામાં જોકોવીકને ખુબ મુશ્કેલી નડી હતી. બીજી બાજુ આવી જ હાલત રોજલ ફેડરલની રહી હતી. રોજલ ફેડરલે પ્રથમ બે સેટ ગુમાવી દીધા બાદ



નવમાં ક્રમાંકિત ખેલાડી જુવાન માર્ટીન ડેલ પોટ્રો ઉપર ૩-૬, ૬-૭, ૬-૨, ૬-૦, ૬-૩થી જીત મેળવી હતી. જોકોવીકે પ્રથમ સેટ ૨૧ મિનીટમાં જીતી લીધો હતો અને બીજા સેટમાં ૪-૨ની જીત મેળવી હતી. પરંતુ ત્યારબાદ સોન્ગાએ છવાઈ જઈને આગાી બે સેટ જીતી લીધા હતા. ચોથા સેટમાં પણ સોન્ગાએ મેચને ટ્રાય બ્રેકરમાં લઈ જવામાં સફળતા મેળવી હતી. ફેડરલ અને જોકોવીકે પોતપોતાની મેચ જીતી લીધા બાદ હવે સેમીફાઈનલ જંગ ખેલાશે. સેમીફાઈનલમાં ફેડરલ અને જોકોવીક સામ સામે આવશે. આની સાથે જ ટેનિસ ચાહકોને એક ખૂબ જ રોમાંચક મેચ જોવાની તક મળશે.